અપીલ અરજી નં.૧૩૦ તા.૪–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિનોદભાઈ સી. પટેલ
સામાવાળાઃ– આરોગ્ય અધિકારી અને જાહેરમાહિતીઅધિકારી
(વાહત જનિત રોગ નિયંત્રણ વિભાગ)

***ફરીયાદની હકીકતઃ–***

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદભાઈ સી. પટેલની આઈ ડી. નં.૩૨૧ તા.૨૬–૬–૦૯ની અરજીથી ૨૦૦૬–૦૭ થી ૨૦૦૯–૧૦ ના વર્ષ દરમ્યાન ફાઈલેરીયા મેલેરીયા તરફથી ખરીદ કરેલા જંતુનાશક દવાના હેન્ડ કોમ્પ્રેસર પંપ બાબતે બહાર પાડેલા ટેન્ડર અન્વયે કયા કયા વેપારીઓએ ભાવો ભર્યાઅને તેમની સીકયુરીટી ડીપોઝીટ ભરી હોય તો તેની અને પરત કરી હોય તેની વિગતો, બીપીએમસી એકટમાં અગર ટેન્ડર મેન્યુઅલમાં ટેન્ડર અંગે થયેલ કરારની શરતોમાં બેમાંથી કોઈ પણ એક પક્ષ તરફથી ભંગ કરવામાં આવે તો અનુસરવાની કાર્યરીતી નિયમો અને પરિપત્રોની તમામ નકલો, સદર ટેન્ડર બાબતે અરજદારના સીકયુરીટી ડીપોઝીટ પરત લેવાના લખેલા પત્રો અંગે થયેલ કાર્યવાહીની તથા જવાબદાર અધિકારીઓના નામ સરનામાં અને તેમના ટેલીફોનની વિગતોની માહિતી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૪–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૩૦/૦૯–૧૦

શ્રી વિનોદભાઈ સી. પટેલની આઈ ડી. નં.૩૨૧ તા.૨૬–૬–૦૯ની અરજીથી સને ૨૦૦૬–૦૭ થી ૨૦૦૯–૧૦ ના વર્ષ દરમ્યાન ફાઈલેરીયા મેલેરીયા તરફથી ખરીદ કરેલા જંતુનાશક દવાના હેન્ડ કોમ્પ્રેસર પંપ બાબતે બહાર પાડેલા ટેન્ડર અન્વયે કયા કયા વેપારીઓએ ભાવો ભર્યા અને તેમની સીકયુરીટી ડીપોઝીટ ભરી હોય તો તેની અને પરત કરી હોય તેની વિગતો, બીપીએમસી એકટમાં અગર ટેન્ડર મેન્યુઅલમાં ટેન્ડર અંગે થયેલ કરારની શરતોમાં બેમાંથી કોઈ પણ એક પક્ષ તરફથી ભંગ કરવામાં આવે તો અનુસરવાની કાર્યરીતી નિયમો અને પરિપત્રોની તમામ નકલો, સદર ટેન્ડર બાબતે અરજદારના સીકયુરીટી ડીપોઝીટ પરત લેવાના લખેલા પત્રો અંગે થયેલ કાર્યવાહીની તથા જવાબદાર અધિકારીઓના નામ સરનામાં અને તેમના ટેલીફોનની વિગતોની માહિતી બાબતે મળેલા પ્રતિભાવના મુદ્દા નં.૩.૭ અને મુળ અરજી તા.૨૬–૬–૦૯ ના મુદ્દા નં.૩.૧ બાબતે પત્ર વ્યવહારની નકલો માંગેલ હતી તે મળેલ નથી તેમજ સીકયુરીટી ડીપોઝીટના નાણા મળ્યા નથી તે અંગે જવાબદારી કર્મચારી સામે પગલા લેવા બાબતની રજૂઆત કરી એપેલેટ ઓફિસરને તા.૪–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૬ તા.૧૩–૮–૦૯ થી ઈ.ચા.ડે.કમિશ્નર(હે અને હો ) અને જાહેરમાહિતીઅધિકારી (વાહત જનિત રોગ નિયંત્રણ વિભાગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને આજ દિન સુધી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૬–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી મ. જાહેર માહિતી અધિકારી તરફથી નં.પીએચડી/આઈઓ/૮૫૨ તા.૨૧–૭–૦૯ થી પૂરી પાડવામાં આવેલ . જેના મુદ્દા નં.૩.૧બાબતે અરજદારે મુળ અરજીમાં નિર્દિષ્ટ કરેલ પત્રો અંગે શું કાર્યવાહી થઈ તેવી માંગણી અરજદાર તરફથી કરવામાં આવેલ. જે અંગે મ. જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩(૧) ડે.કમિશ્નરશ્રી(સ્પે) ની ફાઈલ ગેરવલ્લે થવા બાબતે અન્ય ખાતામાં અહેવાલ મંગાવવા બાબતે પરિપત્ર બહાર પાડવામાં આવેલ તા.૧૯–૬–૦૮ (૨) સીકયુરીટી ડીપોઝીટ છુટી કરવા માટેની મંજુરી માટેની કાર્યવાહી તા.૩૧–૭–૦૮, (૩) મે. કમિશ્નર સાહેબે સીકયુરીટી ડીપોઝીટ છુટી કરવા મંજુરી આપી તા.૧૦–૯–૦૮, (૪) મે. આસી.કમિશ્નર(ફા.) ની હિસાબી શાખામાંથી ચૂકવણી થયેલ બીલ પેમેન્ટ વાઉચરની ઝેરોક્ષ કોપી મેળવવા બાબતની કાર્યવાહી તા.૧૫–૯–૦૮, (૫) તમામ પત્રોનો અવલોકન કર્યા બાદ સક્ષમ સત્તાધીશની મંજુરી મેળવી આ.નં.પીએચડી/આઈઓ/૨૦૫૧ અને ૨૦૫૨ તા.૨૦–૧૧–૦૮ થી ફાઈલને ઓડીટ ખાતામાં મોકલાવી (૬) ખાતાના ઈન્વર્ડ નંબર પીએચડી/આઈઓ/૨૩૪૦ તા.૧૯–૨–૦૯ ના રોજ ઓડીટ ઓબ્જેશન ઉપસ્થિત થતાં ફાઈલ અત્રેની ઓફિસ પરત આવી તા.૧૯–૨–૦૯, (૭) અત્રેના ખાતા તરફથી ઓડીટ ઓબ્જેશનની જરૂરી પૂર્તતા કરી તા.૨૬–૨–૦૯ ના રોજ ફરી ઓડીટ ખાતા પ્રતિ ઓડીટની કામગીરી અંગે રવાના જે હાલ ઓડીટ ખાતામાં છે આમ અરજદારને જંતુનાશક દવાના હેન્ડ કોમ્પ્રેસર ભરેલ પંપની સીકયુરીટી ડીપોઝીટ પરત લેવા બાબતે થયેલી કાર્યવાહીની ફાઈલ ગુમ સહિતના કારણસહ સમયગાળા સહિતની માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. તથા અરજદારે આપેલ માહિતીના મુદ્દા નં.૩.૭ માં સીકયુરીટી ડીપોઝીટના નાણા ખાતાની બેદરકારી/વિલંબતા અને નિષ્ક્રિયતાને લીધે મળેલ નથી જેના માટે જવાબદાર અધિકારી કર્મચારી સામે પગલા લેવા અને સીકયુરીટી ડીપોઝીટના નાણા પરત કરવા અને નુકશાન વળતર વિગેરે અંગે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી ખાતાકીય કાર્યવાહીને લગતી રજૂઆત કરવામાં આવેલ છે.

અરજદારની અપીલ તબકકે મુખ્ય તકરાર તેમના પત્રો અંગે કચેરી તરફથી થયેલ કાર્યવાહીના પત્રોની નકલો નહીં મળ્યાની છે. જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યવાહીની વિગતો આપેલ છે પરંતુ નકલો આપેલ જણાતી નથી. ફાઈલ ગુમ થયા બાદ ઉપલબ્ધ દફતરેથી આપેલ વિવરણ મુજબની નકલો નહીં આપવા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કલમ–૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલ પત્ર વ્યવહારની નકલો બાબતે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ દફતરી ઉપલબ્ધ હકીકત અનુસારની નકલો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (વાહત જનિત રોગ નિયંત્રણ વિભાગ) ને જણાવવામાં આવે છે.

સીકયુરીટી ડીપોઝીટ ચૂકવવા અંગેની ખાતાકીય કાર્યવાહીના નિકાલની તકરાર બાબતે અરજદાર સક્ષમ સત્તાને ખાતાકીય રજૂઆત અલાયદી રીતે કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) આરોગ્ય અધિકારી અને જાહેરમાહિતીઅધિકારી(વાહત જનિત રોગ નિયંત્રણ વિભાગ)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિનોદભાઈ સી. પટેલ